|| चैतन्य ||
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# મોહનમાંથી મહાત્મા - શ્રદ્ધેય ગુણાનુવાદ

## યોગેન્દ્ર પારેખ

ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા ૧૯૭૫ની ૩૦મી જાન્યુઆરીએ, ગાંધીનિર્વાણ દિને આ પુસ્તકની પ્રથમાવૃત્તિ પ્રગટ થઈ. શ્રીમન્નારાયણજીના આશીર્વચન અને આચાર્ય યશવંત શુકલની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના સાંપડી. આર્નોલ્ડ ટોયન્બી જેવા ઈતિહાસકાર, ચિંતકે 'વન વર્લ્ડ'માં આપેલી ભવ્યાંજલિનું ભાષાંતર આ પુસ્તકની શોભામાં વધારો કરે છે. રામનારાયણ વિશ્વનાથ પાઠક, 'દ્વિરેફ' 'શેષ' 'સ્વૈરિવિહારી' થી ઠીક ઠીક પરિચિત ગુજરાતી ભાવકને માટે આપણા સમયમાં રામનારાયણ નાગરદાસ પાઠકનું નામ અજાણ્યું હોય તેમાં આપણી સ્વાતંત્ર્યોત્તર ઉચ્ચશિક્ષણની મર્યાદાપૂર્ણ તરાહનો નોંધપાત્ર ફાળો છે. 'મોહનમાંથી મહાત્મા' ગાંધીજીવનચરિત્રનો આ ગ્રંથ રામનારાયણ નાગરદાસ પાઠકનો છે એવું ટકોરાબંધ કહેવું પડે એટલું જરૂરી છે એમ આજની ક્ષણે સમજાય છે.

કથિતવ્ય નિમિત્તે યશવંત શુક્લએ શીર્ષક વિશે યથાર્થ નોંધ્યુ છે કે, "'મોહન' એ વ્યક્તિની સંજ્ઞા છે, જ્યારે 'મહાત્મા'તો સમસ્ત ભારતીય પ્રજાએ પ્રમાણેલી એ વ્યક્તિની માનુષી સિદ્ધિઓની સંજ્ઞા છે. એક સામાન્ય વ્યક્તિ પોતાની વૃત્તિઓને સંકોરીને સંકલ્પપૂત જીવન જીવતાં જીવતાં અને પોતાની આસપાસના સમાજ સાથે સમરસ થઈને સમાજની ત્રિજ્યા પણ વિસ્તારતાં જતાં કેવી કોટિએ પહોંચી શકે તેનું ઈંગિત આ શીર્ષકમાં પડેલું છે."

'મોહનમાંથી મહાત્મા' કુલ ૧૪૧ પ્રકરણો અને બે પરિશિષ્ટમાં સમાવિષ્ટ રસાળશૈલીમાં, લોકભોગ્ય અભિવ્યક્તિમાં લખાયેલું અને ભવિષ્યના કોઈ પણ ચરિત્રકારને માટે માર્ગદર્શક નીવડે તેવું નોંધપાત્ર પુસ્તક છે. માત્ર લખતાં, બોલતાં આવડે તેથી ગાંધીચરિત્રના વાહક ન થવાય એવી પાકી સમજ દરેકને હોવી જોઈએ. ગાંધીજીવનની વાત કહેવા-લખવાને વિશે પાત્રતાની વાત કરીએ તો ખેતી, પશુપાલન અને લેખનના કાર્યને ગાંધીજીવન-સિદ્ધાંતને અનુસરીને વ્યસ્ત રહેલા રામનારાયણ પાઠક અધિકૃત ચરિત્રકાર તરીકે સર્વથા સ્વીકૃત બને છે.

'સત્યાગ્રહની ગંગોત્રી' નામક પ્રથમ પ્રકરણથી જ મહાત્મા મોહનદાસના સત્યનિષ્ઠ વૈભવ વારસાની પ્રતીતિ થાય છે. ગાંધીજીના દાદા ઉત્તમચંદ ગાંધીને સહુ ઓતા ગાંધી તરીકે ઓળખતા. વતન કુતિયાણાથી જુવાન વયે ઓતા ગાંધી પોરબંદર વસવાટ કરે છે. ગાંધીજીના વડવાઓનું વતન પોરબંદર નહિ પણ કુતિયાણા છે તેવા ઉલ્લેખો અન્યત્ર છે પણ

આ પ્રકરણ દ્વારા પણ તેનો પરિચય ભાવકને થાય છે. ઓતા ગાંધીના કાકા દમન ગાંધી પોરબંદર રાજ્યના દફતરી (સેક્રેટરી) હતા. કાકા દમન ગાંધી પાસેથી રાજ્યસેવા-કારભારની સમજ કેળવતા ઓતા ગાંધી રાજ્યના દીવાન બને છે. પોરબંદરના રાણા વિક્રમાતજીના અવસાન બાદ રાણીબાના શાસન વખતે દીવાન ઓતા ગાંધીની સચ્ચાઈ, પ્રામાણિકતા અને રાજ્ય પ્રત્યેની વફાદારી છતાં શરણે આવેલાને સુરક્ષા આપવાના પ્રસંગે રાજ્ય સાથેનો સંઘર્ષ આ પ્રકરણમાં નોંધાયો છે. સત્યાગ્રહી મોહનદાસ ગાંધીની કુળગાથાના પરિચય સ્વરૂપે રસપ્રદ રીતે નોંધાયેલો આ પ્રસંગ આજે તો ઠીક ઠીક જાણીતો છે. રાણીબાના કોપથી ખીમા ભંડારી (ખજાનચી) ને બચાવવા દીવાન ઓતાબાપાએ વેઠેલો સંઘર્ષ એ જ આપણા ગાંધીબાપુની ગળથૂથી છે એવા સગડ ભાવકનો આ કથામાં રોચક પ્રવેશ કરાવે છે.

ગાંધી સાહિત્યના અભ્યાસુ માટે કે 'આત્મકથા' અને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ'ના વાચક માટે ઘણી વાતો જાણીતી છે. ગાંધીજીવનના સાડા પાંચ દાયકાની વાત તો ગાંધીજી પોતે કહી ચૂક્યા છે. દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહી કાળખંડ આસ્વાદ્ય ઈતિહાસ તરીકે ઉપલબ્ધ હોય અને જગત આખામાં જાણીતા ચરિત્ર વિશે લખવાનું હોય ત્યારે ચરિત્રકારનો અભિગમ અભ્યાસનો વિષય બને છે. ગાંધીજીના સમગ્ર જીવનદર્શનને એક ગ્રંથમાં સમાવવાનું કાર્ય પડકાર સમાન છે. પ્રારંભના અઢાર વર્ષ, વિલાયતમાં અભ્યાસકાળ, દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહી તરીકેનો ઘડતરકાળ જેવા લગભગ સાડા ચાર દાયકાના કાળખંડને લેખકે સત્તાણુ જેટલાં પ્રકરણમાં અભિવ્યક્તિ આપી છે.

મોહનમાંથી મહાત્મા તરફની ગતિ-પ્રગતિના આલેખનમાં ખર્ચાયેલા સત્તાણું પ્રકરણનો કથાપ્રવાહ અને સરળશૈલી ભાવકને સાદ્યંત જકડી રાખે છે. ગાંધીજીનું સ્વદેશાગમન અને જન્મભૂમિમાં 'કબા ગાંધીથી સવાયો'નું માનપાન મળે છે. તેંતાલીસ જેટલા પ્રકરણમાં સ્વદેશ આગમનથી પૂર્ણાહુતિ સુધીની કથા છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે સત્યાગ્રહી તરીકેની ગાંધીજીની બહુવિધ સક્રિયતાને લેખકે લાઘવથી વ્યક્ત કરી છે. વિવાદાસ્પદ કે ચર્ચાસ્પદ ગણાયેલા પ્રસંગોની પ્રતીતિજન્ય અભિવ્યક્તિ લેખકનો વિશેષ છે. આ ચરિત્રકાર ગાંધીજીવનનો ગુણાનુવાદ કરે છે તે સ્વયંસ્પષ્ટ છે. વિશ્વશાંતિના વકીલની જીવનગાથાનો વાહક ભાવપૂર્ણ અભિવ્યક્તિ સાધે ત્યારે 'માનવતાને કાજે પ્રાણપથારી' જેવું શીર્ષક મળે છે. ''ગાંધીજીએ ગોળમેજી પરિષદમાં કહેલું કે, જો હરિજનોને હિંદુએથી જુદા ગણવામાં આવશે, તો હું એની સામે મારા જાનના જોખમે લડીશ'' યરવડા મંદિરના ગાંધીજીના ઉપવાસના પ્રસંગનું આ પ્રકરણ આ સંસ્કૃતિચિંતક ચરિત્રકારના હાથે આ રીતે સમાપન પામે છે; ;''બાપુના અનશનના એ અગ્નિહોત્રે હિંદુધર્મની શુદ્ધિ કરી..'' અખિલ હિંદ હરિજન સેવક સંઘની સ્થાપના અને સાબરમતી આશ્રમ સંઘને અર્પણ કર્યાના દિવસથી તેની ઓળખ 'હરિજન આશ્રમ' બને છે તે વિગતો એકવીસમી સદીની વિભાજનમૂલક જડ માનસિક્તા માટે અનેક અર્થમાં ઉપયોગી બને તેમ છે.

ગાંધીજીની હરિજનયાત્રાના પ્રસંગોની અભિવ્યક્તિ આજના સંદર્ભે વિશેષ પ્રસ્તુત છે. ગાંધીજી અને આંબેડકરજીને સામસામા મૂકીને પોતાની રાજનીતિ માટે મેદાન તૈયાર કરનાર જેમાંથી ક્યારેય બોધપાઠ લેવાના નથી એવી વિગતો અહીં સાંપડે છે. ૧૯૩૪ની હરિજનયાત્રા વિશે લેખકે નોંધ્યુ છે : 'હરિજનયાત્રા દરમિયાન

અસ્પૃશ્યતાનિવારણના અભેદ્ય કિલ્લામાં તેમણે મોટાં ગાબડાં પાડ્યા અને તેને મૂળમાંથી હચમચાવી નાખ્યો. સનાતનીઓના મનમાં ધર્મને નામે રૂઢ થયેલી આભડછેટ દૂર કરવા બાપુએ લોહીનું પાણી કર્યું. તેમના પ્રવાસ દરમિયાન મોટાં-મોટાં પ્રાચીન મંદિરો અસ્પૃશ્યો માટે ખુલ્લાં મુકાયાં, શાળા, કોલેજોમાં તેમને પ્રવેશ મળ્યો. જાહેર સ્થળોમાં અને વાહનોમાં જવાની તેમને છૂટ મળી. સમૂહ ભોજનો થયાં. પ્રવાસ દરમિયાન બાપુ ઉપર જીવલેણ હુમલા પણ થયા' – ગાંધીહત્યાના સગડ અહીં મળે છે. કોમી એક્તા અને અસ્પૃશ્યતા નિવારણ માટેના બાપુના પ્રયાસો તેમને શહાદતના પંથે દોરી ગયા. દેશવિભાજન માટે બાપુને જવાબદાર ઠેરવતી પૂર્વગ્રહી માનસિક્તાએ દોઢ દાયકા પહેલાં ગાંધીજીવનનો અંત આણવાનો મનસૂબો કેળવી લીધો હતો.

'વીરાંગના વાલિયામા' નામક પ્રકરણમાં દક્ષિણ આફ્રિકામાં શહીદ થયેલી અઢાર વર્ષની કન્યા વાલિયામાને ઉચિત્ત અંજલિ આપી છે. આ પ્રકરણમાં ચરિત્ર લેખકે ગાંધીજીનો મહિમા આ રીતે વ્યક્ત કર્યો છે : "જગદ્ગુરુ શંકરાચાર્ય, મહર્ષિ દયાનંદ સરસ્વતી અને શ્રી રામકૃષ્ણ પરમહંસ સ્ત્રીશક્તિને પૂજનારા હતા. તેવી જ રીતે મહાત્મા ગાંધીજી મહાન માતૃભક્ત હતા." સ્ત્રી સશક્તિકરણ અને માતૃભક્તિ – જેવા ભાવનામૂલક આદરાંજલિની આ પંગતમાં 'તેવી જ રીતે' એવા ઉલ્લેખમાં આપણે ગાંધીજીને નહિ મૂકી શકીએ. ચરિત્રલેખકનો પરંપરામૂલક ભાવોદ્રેક તેમને પૂર્વસૂરિઓ કે સમકાલીન મહાનુભાવોની પંગતમાં ગાંધીજીને બેસાડવા વિશે સહજ રીતે ઉત્સુક કરે તેને અત્યંત સ્વાભાવિક ઉપક્રમ તરીકે હળવાશથી લઈ શકાય પણ મહિલા વિષયક ગાંધીજીનો અભિગમ તેમને પૂર્વજો કે સમર્થ સમકાલીનોથી ઘણાં નોખા તારવે છે. અલબત્ આ ફકરામાં જ તેમણે આગળ લખ્યું છે કે, "સ્ત્રીઓના પોતાનામાં રહેલી શક્તિનું ભાન કરાવી, ત્યાગ અને બલિદાનને પંથે દોરનાર સત્યાગ્રહી વીર હતા" – વિધાન વાસ્તવથી વધારે નજીક છે અને એવા સત્યાગ્રહી વીરની પંગત મહાત્મા પૂર્વે કે મહાત્મા પછી કદી મંડાઈ નથી એ ધ્યાને લેવું રહે.

'ઈશ્વરે ભીડ ભાંગી' પ્રકરણમાં આર્થિક સંકટ સમયે ગાંધીજીને મળેલી આર્થિક મદદનો સઘળો જશ શીર્ષકમાં ઈશ્વરને ફાળે જાય છે પણ એ મદદ કરનારને વિશે 'ગૃહસ્થ' એવો ઉલ્લેખ કરીને લેખકે સંતોષ માન્યો છે. સુજ્ઞજનોને સુવિદિત છે કે એ 'ગૃહસ્થ' શ્રેષ્ઠીવર્ય અંબાલાલ સારાભાઈ હતા. 'તેર હજાર રૂપિયાની નોટો મૂકીને પગે લાગી ચાલતા થયા' – અહીં જોઈ શકાશે કે રૂપિયાની વિગતો ચોક્સાઈ પૂર્વક ઉલ્લેખી શકાઈ છે તો તે 'ગૃહસ્થ'ને સદ્ગૃહસ્થ તરીકે નામજોગ ઉલ્લેખી શકાયા હોત.

'ગાંધી મહારાજ'ને પગલે પગલે- જેવા પ્રકરણને વિગતે લંબાવી શકાયું હોત. ચંપારણ સત્યાગ્રથી આખા હિન્દુસ્તાનને સાચા સ્વરાજની તાલીમ મળી એવી નોંધ સાથે સમાપન પામતા આ પ્રકરણમાં ગાંધીજીના રચનાત્મકકાર્યને જેટલું મહત્ત્વ અપાયું છે તેટલું આલેખન સત્યાગ્રહીની ચળવળની વિગતો કે સંઘર્ષને અપાયું હોત તો વિશેષ રીતે ઉપકારક બની શક્યું હોત.

આ પુસ્તકમાં શૈલી કથાકારની છે. ચરિત્રકારની પ્રકૃત્તિ ધર્માનુરાગી હોવાના કારણે સત્ચરિત્રના આલેખનની પરંપરાગત ઢબે આ ચરિત્ર લખાયું છે. શૈલી અને ભાષાની સરળતામાં પૂજ્યભાવનું સંમિશ્રણ શ્રદ્ધામૂલક

અભિવ્યક્તિની પ્રાપ્તિ કરાવે છે. ગાંધીજીના જીવનક્રમની શૃઁખલા ચુકાતી નથી. ઐતિહાસિક તથ્યોની માવજત આધાર સાથે થઈ છે.

આ ચરિત્ર શાસ્ત્રીય ઢબે લખાયું હોત તો તેની ભાષાભિવ્યક્તિ જ આ ગ્રંથની મોટી મર્યાદા બની ગઈ હોત. અને એ પ્રકારના અન્ય ગ્રંથોમાં એકનો ઉમેરો થયો હોત. સાધારણ ભાવકને માટે એક બેઠકે પૂરું કરવાની ઈચ્છા થાય એવી રસાળશૈલી અને સજ્જતા આ ગ્રંથનું જમા પાસું છે તો ગાંધીજી જીવનકાર્યની શૃઁખલાનું અભિવાદન ઈચ્છતા અભ્યાસુને લેખકના ભાવોદ્રેકમાં સામેલ થવામાં બૌદ્ધિક અભિગમ બાધક બનતો નથી. ચરિત્ર વિષે વિશ્લેષણ, અર્થઘટન અને ચુકાદો આપવાની નિર્ણાયક સજ્જતા હોવા છતાં ચરિત્ર લેખકે ગુણાનુવાદની ભૂમિકાએ આનંદની ઉજાણી કરી છે. ભવિષ્યના કોઈ પણ ગાંધીજીવન ચરિત્રકારને માટે આલેખનની આધારભૂમિ પૂરી પાડતી શ્રદ્ધેય સામગ્રી તરીકે પણ આ પ્રકરણો નોંધપાત્ર રીતે મહત્તા ધરાવે છે. નવલકથાની નજીક બેસી શકે એવી રીતિથી પ્રકરણબદ્ધ થયેલું આ ‘ગાંધીચરિત્ર’ સર્વોપયોગી લોકભોગ્યતા ધરાવે છે. ગાંધીજીના જીવનકાર્ય વિષેના માતબતર સાહિત્યમાં પ્રવેશ પૂર્વે આ પુસ્તકનું વાચન એક યાદગાર અને માર્ગદર્શક અનુભવ બની રહેશે.

યોગેન્દ્ર પારેખ

પ્રોફેસર, ગુજરાતી વિભાગ,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનીવર્સીટી

અમદાવાદ